જીવનમાં ઊંચા સિદ્ધાંત રાખવા એ ઉત્તમ બાબત છે.. પણ તે પ્રમાણે જીવવું એ સર્વોત્તમ છે
- નેલ્સન મંડેલા

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૧૫૦ | ૯ ઓગસ્ટ, ૨૦૧૪, શનિવાર; શ્રાવણ સુદ - ૧૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# પંચાયત પ્રમુખ હીના પટેલને ધમકી

## ગાંધીનગર જિલ્લા પંચાયતના પ્રમુખ હીનાબેન પટેલને નનામી વ્યક્તિ દ્વારા ફોન પર ધમકી મળતા પોલીસ રક્ષણની માંગણી કરાઈ છે : છેલ્લા ૪૮ કલાકથી જિલ્લાના રાજકારણમાં ભારે ગરમાવો સર્જાયો છે

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રીમતિ હીનાબેન પટેલને ફોન પર નનામી વ્યક્તીએ આપેલી ધમકીના પગલે તેમણે આજે સાંજે જિલ્લા પોલીસ વડા પાસે પોલીસ રક્ષણની માંગણી કરી છે.

ગત સપ્તાહે જ કોંગ્રેસને રામ રામ કરી તેઓ ભાજપમાં તેમના ૮ સાથીઓ સાથે જોડાયા હતા અને ગઈકાલે ભાજપના પ્રમુખ તરીકે વિધિવત્ ચાર્જ સંભાળ્યો હતો.

ભાજપમાં જોડાયેલા સભ્યોને મનાવવા માટે હવે દ્વાર બંધ થઈ જતાં ફોન પર ધમકીઓ આપવામાં આવી રહી હોવાની વાતોને રાજકીય વર્તુળોમાં ગરમાવો લાવી દીધો છે.

ગઈકાલે કેસરીયા માહોલમાં હોદ્દો સંભાળ્યા બાદ શ્રીમતિ હીના પટેલે આજે પ્રમુખના કાર્યાલયમાં હાજરી પણ આપી હતી. તેમજ મુલાકાતીઓને ખુલ્લા મનથી મળ્યા હતા.

શ્રીમતિ હીના પટેલે મુલાકાતીઓને સાર્વત્રિક વિકાસને અગ્રતા આપવામાં આવશે અન કોઈને પણ અન્યાય નહિ થાય તેની ખાત્રી આપી હોવાનું તેમના નિકટવર્તી સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

મળતી વિગતો પ્રમાણે આજે સવારના સુમારે શ્રીમતિ પટેલને ધમકીભર્યો ફોન મળ્યો હતો અને તેમની પર પંચાયત પ્રાંગણમાં જ હુમલો કરાશે તેવુ કહ્યું હોવાનું ચર્ચાઈ રહ્યું છે. જો કે શ્રીમતિ પટેલે ધમકીભર્યો ફોન તુરત જ કાપી નાખ્યો હતો.

આ પછી સાંજે તેમના શુભેચ્છકોએ આ બાબતને ગંભીરતાથી લેવાનો આગ્રહ કરતાં તેમણે પોલીસ પ્રોટેક્શનની માંગણી કરી છે. શ્રીમતિ પટેલે પોલીસ પ્રોટેક્શનની માંગણી જિલ્લા પોલીસવડાને કરી છે હવે પોલીસ તપાસ કરી તે અંગે યોગ્ય નિર્ણય કરશે.

શ્રીમતિ પટેલ સાથે ટેલિફોન પર વાત કરતાં તેમણે જણાવ્યું હતું કે હા, મેં પોલીસ રક્ષણની માંગણી કરી છે. મને ફોન પર ધમકી મળી હતી. જો કે તેમણે આ ફોન વિશે વધુ કરવાનો ઈન્કાર કરતાં જણાવ્યું હતું કે મારા માટે સૌ સમાન અને સન્માનીય છે. હું કોઈના પ્રત્યે દ્વેષભાવ રાખવામાં માનતી નથી.

# એનએબીએચના ઈન્સ્પેક્શન માટે ટીમ ગાંધીનગર આવે છે

## તંત્ર દ્વારા કર્મચારીઓને આની તાલિમ માટે તડામાર તૈયારીઓ શરૂ કરાઈ : અત્યાર સુધીમાં ત્રણ વાર ઈન્સ્પેક્શન થઈ ચુક્યુ છે

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં એન.એ.બી.એચ. પ્રમાણપત્ર માટે ઈન્સ્પેક્શન ટીમ સપ્ટેમ્બરના પ્રથમ સપ્તાહમાં ગાંધીનગર આવશે.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલના એન.એ.બી.એચ. પ્રમાણપત્રની મુદત આગામી સપ્ટેમ્બરના પ્રથમ સપ્તાહમાં પૂર્ણ થઈ રહી છે. આ પ્રમાણપત્ર માટે તંત્ર દ્વારા અરજી કરવામાં આવી હતી અને મુદતમાં વધારો કરવા માટે રજુઆત કરાઈ હતી.

મળતી વિગતો પ્રમાણે ૨૦૧૦માં એન.એ.બી.એચ.નું પ્રમાણપત્ર આ હોસ્પિટલને મળ્યું હતું. આ પછી નેશનલ હેલ્થ બોર્ડ ઓફ એક્રેડીટેશન દ્વારા ત્રણ વખત ઈન્સ્પેક્શન થઈ ગયું છે અને ત્રણેય વખત આ પ્રમાણપત્ર મેળવવામાં તંત્ર સફળ રહ્યું છે.

સપ્ટેમ્બર માસમાં આવી રહેલ ઈન્સ્પેક્શન ટીમને લઈ તંત્ર દ્વારા કર્મચારીઓને આ અંગે તાલિમ આપવાનું આયોજન પણ હાથ ધરી દેવામાં આવ્યું છે અને ટુંકમાં જ તે આખરી કરી તાલિમનો ધમધમાટ શરૂ થશે.

ગઈ વખતે ઈન્સ્પેક્શન દરમ્યાન કેટલીક ત્રુટીઓ શોધવામાં ટીમને સફળતા મળી હતી અને તે અંગેની ક્વેરીઓ તંત્રને પુછવામાં આવી હતી જેનો ખુલાસો તંત્ર દ્વારા સંતોષકારક રીતે કરવામાં આવતાં તેને ગ્રાહ્ય રાખવામાં આવ્યા હતા અને પ્રમાણપત્ર આપવામાં આવ્યું હતું. આ વાતને બે વર્ષ જેટલો સમય થઈ જવા આવ્યો હોવાથી

● અનુસંધાન પાન-૭ પર



રક્ષાબંધન - દેશના પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીને ગુજરાતના મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલે રક્ષાબંધન પર્વ પૂર્વે રાખડી બાંધી શુભકામનાઓ વ્યક્ત કરી હતી.

# વરસાદ વિના વરસાદી માહોલ

## ગાંધીનગરમાં ગોરંભાયેલુ આકાશ અને ચારેબાજુ છવાયેલી લીલોતરી શહેરને એક હીલસ્ટેશન જેવો નજારો બક્ષે છે



(તસવીર : દિપક જાની)

ગાંધીનગર, તા. ૮

ભારે વરસાદની આગાહીઓ વચ્ચે ગાંધીનગરમાં છેલ્લા કેટલાક દિવસોથી વરસાદી માહોલ છવાયેલો છે. આકાશમાં વારંવાર ઘેરાઈ આવતા કાળા ડિબાંગ વાદળો જોઈ એવું લાગે છે કે હમણાં જ વરસાદ તુટી પડશે, પરંતુ શહેરમાં ક્યાંક ક્યાંક વરસાદી ઝાપટા પડ્યા સીવાય વધુ વરસાદ થતો નથી. અગાઉ થયેલા વરસાદના કારણે ઠેર ઠેર ઉગી નીકળેલુ લીલુ ઘાસ અને ગોરંભાયેલા વાદળો શહેરને એક હીલસ્ટેશન સમુ બનાવે છે.

જુલાઈ માસના અંતિમ દિવસોમાં પડેલા ધોધમાર સાત ઈંચ જેટલા વરસાદ બાદ નોંધપાત્ર કહી શકાય તેવો વરસાદ ઘણા દિવસોથી પડ્યો નથી. હવામાન વિભાગે ધોધમાર વરસાદ પડશે તેવી આગાહી કરી હતી પરંતુ આગાહી મુજબ વરસાદ પડ્યો નથી. જો કે, આકાશમાં વાદળો ખુબ ઘેરાય છે. અવારનવાર કાળાડિંબાગ વાદળો ઘેરાઈ આવે છે અને એવુ લાગે છે કે હમણા જ ધોધમાર વરસાદ તુટી પડશે. પરંતુ એવુ થતુ નથી.

શહેરમાં ક્યાંક ક્યાંક ઝાપટા પડે છે. અમુક સ્થળે વરસાદ પડે છે તો અમુક વિસ્તારો સાવ કોરા રહે છે. વાદળોની અવરજવર સતત રહેતી હોવાથી વાતાવરણ એકદમ સુંદર રહે છે. વહેલી સવારે અને સાંજે ઘરની બહાર નીકળીએ તો આહ્લાદક વાતાવરણ અનુભવાય છે. કોઈ હિલસ્ટેશન પર પહોંચી ગયા હોઈએ તેવું લાગે છે. અગાઉ પડલે વરસાદના કારણે ઠેર ઠેર ઉગી નીકળેલુ લીલુ ઘાસ શહેરની આભામાં ચાર ચાંદ લગાવી દે છે. ક્યારેક ક્યારેક પડતો ઝરમરીયો વરસાદ દિલને એકદમ ખુશ કરી દે છે.

# મહિલા મોરચાએ વડાપ્રધાનને બે લાખ રાખડીઓ મોકલી

ગાંધીનગર, તા. ૮

ગુજરાત ભાજપના મહિલા મોરચા દ્વારા વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીને ૨ લાખ રાખડીઓ મોકલવામાં આવી છે તે આજે રાજયના મુખ્યમંત્રી શ્રીમતિ આનંદીબેન પટેલે તેમને આપી હતી.

દિલ્હીના બે દિવસના પ્રવાસે ગયેલા મુખ્યમંત્રી શ્રીમતિ આનંદીબેન પટેલે આજે સવારે કેન્દ્રીય મંત્રીઓ શ્રી પ્રકાશ જાવડેકર, શ્રી હર્ષવર્ધન, શ્રી ધર્મેન્દ્ર પ્રધાનને મળી રાખડી બાંધી હતી.

મુખ્યમંત્રી શ્રીમતિ આનંદીબેન પટેલે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીને રાખડી બાંધ્યા બાદ મહિલા સાંસદોની હાજરીમાં ગુજરાત મહિલા મોરચા તરફથી મોકલાવાયેલ બે લાખ રાખડીઓની ભેટ આપી હતી.

શ્રીમતિ પટેલે તેમના દિલ્હીના રોકાણ દરમ્યાન વિવિધ કેન્દ્રીય મંત્રીઓને મળી ગુજરાતના પડતર પ્રશ્નો અંગે પણ રજુઆત કરનાર છે. તેઓ કાલે સાંજે પરત ફરી રહ્યા છે.

LED, LCD & Colour TV રીપેરીંગ
સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ
બ્લોક નં. ૩૧૬, ડબલ ડેકર, ચંદ્ર ફોટો સ્ટુડિયોની લાઈનમાં, બીજા માળે, સેક્ટર-૨૪, ગાંધીનગર
ફોન : ૨૩૨૮૭૧૧૫
મો. : ૯૭૧૪૧ ૯૮૩૬૬,
મો. : ૯૪૨૬૨ ૭૦૪૮૧

રેવન્યુ તલાટી 1300+ જગ્યાઓ
સંભવિત ઓગસ્ટ-2014
ડેટા ઓપરેટર (વર્ગ-3) 1200+ જગ્યાઓ
લાયકાત : ધોરણ ૧૨ પાસ
ગુજરાત સરકારમાં વર્ગ-3 ની 15000+ થી વધુની ભરતી !
(વર્ગ-3) માટે ખાસ બેચ
માસ્ટર કોર્ષ-2014
(4 માસનો અભ્યાસ ક્રમ)
♦ ગુજરાતી વ્યાકરણ/સાહિત્ય ♦ ગણિત ♦ બુદ્ધિ ચાતુર્ય કસોટી ♦ અંગ્રેજી વ્યાકરણ ♦ સામાન્ય જ્ઞાન ♦ કોમ્પ્યુટર ને લગતા પ્રશ્નો
સંપૂર્ણ અદ્યતન સાહિત્ય FREE
2000 થી 2014 સુધીના તમામ પેપરોનું સોલ્યુશન
દર અઠવાડિયે ટેસ્ટ દ્વારા સફળ પરીક્ષણ

ગાંધીનગર

| | | |
|---|---|---|
| 08.08.2014 | બપોરના 12-45 થી 2-15 | સોમ થી શુક્ર |
| 22.08.2014 | બપોરના 4-15 થી 5-45 | સોમ થી શુક્ર |
| 05.09.2014 | સવારના 8-45 થી 11-45 | શનિ / રવિ |
| 19.09.2014 | બપોરના 12-00 થી 3-00 | શનિ / રવિ |

મહેસાણા

| બેચ શરૂ તા. | બેચનો સમય | ભણવાના દિવસ |
|---|---|---|
| 09.08.2014 | બપોરના 12-15 થી 1-45 | રવિ થી ગુરૂ |
| 28.08.2014 | બપોરના 2-00 થી 3-30 | રવિ થી ગુરૂ |

ફી માત્ર ₹ 11,000/- (F) ₹ 14,000/- (M)
1994થી સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરાવતી સંસ્થા...
TCCI EDUCATION PVT. LTD.
ગાંધીનગર 9537614606 પ્લોટ 328/2, પ્રથમ માળ, ઘ-2 થી ઘ-2ની વચ્ચે, દેના ગુજરાત ગ્રામીણ બેંક પાસે, સેક્ટર-7/A. સંપર્ક : સોમ થી શનિ (સવારના 9.30 થી 5.00 સુધી)
પ્રથમ માળ, ચિરાગ પ્લાઝા, આર્યન વર્લ્ડ વાઈડની બાજુમાં, માનવ આશ્રમ ચોકડી, વિસનગર રોડ. સંપર્ક : સોમ થી શનિ (બપોરના 10.00 થી 4.30 સુધી) મહેસાણા 9537614607
પેથાપુરમાં એડમિશન માટે ગાંધીનગર શાખામાં મળવું.




# રાજ્યના આઠ મહાનગરને વિકાસ માટે ૩૫૯૩ કરોડની સહાયતા

અમદાવાદ, તા.૮

મુખ્યમંત્રી આનંદીબેન પટેલે સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત શહેરી સ્થાનિક સંસ્થાઓ તેમજ શહેરી વિકાસ સત્તામંડળોને બહુવિધ વિકાસ કાર્યો માટે રૂા. ૩૫૯૩ કરોડની સહાય રાજ્ય સરકાર દ્વારા મંજુર કરી છે.

આ યોજના હેઠળ શહેરી સ્થાનિક સંસ્થાઓ ભૌતિક આંતર માળખાકીય સુવિધાઓ, સામાજીક આંતર માળખાકીય સવલતો, શહેરી પરિવહન તથા શહેરની આગવી ઓળખ ઉભી થાય તેવા કામો અને ખાનગી સોસાયટીઓમાં જન બાગીદારીના કામો વગેરેનો સમાવેશ કરી શકાશે.

મુખ્યમંત્રીએ રૂા. ૩૫૯૩ કરોડ મંજુર કર્યા છે તેમાંથી આઠ મહાનગર પાલિકાઓને રૂા. ૨૩૨૭ કરોડ ફાળવવામાં આવ્યા છે. અન્વયે અમદાવાદને રૂા. ૮૪૬ કરોડ, સુરતને રૂા. ૨૯૧ કરોડ, વડોદરા માટે

● અનુસંધાન પાન-૭ પર

## NEWS બિટ્સ

● **ભારતમાં દર વર્ષે ૧ લાખ બાળકો ગુમ થાય છે**

નેશનલ ક્રાઈમ રેકોર્ડ બ્યુરો અનુસાર ભારતમાં દર આઠ મિનિટે




એક બાળક ગુમ થાય છે. ભારતમાં દર વર્ષે એક લાખથી વધુ બાળકો ગુમ થાય છે. ગુમ થયેલા બાળકોમાં ૫૫ ટકા છોકરીઓ હોય છે. જે સૌથી વધુ ચિંતાનો વિષય છે. આ મામલે સુપ્રીમ કોર્ટે પણ ગુસ્સો વ્યક્ત કર્યો હતો.

● **મોદીની સુરક્ષા માટે બ્રિફકેશ ગન વપરાય છે**

તાજેતરમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી નેપાળના પ્રવાસે ગયા ત્યારે તેમની સાથેના સુરક્ષાકર્મીઓ બ્રીફકેસ સાથે જોવા મળ્યા હતા. જે એક



રહસ્ય બન્યા હતા. જાણકારોના કહેવા પ્રમાણે આ બ્રિફકેસમાં હેકલર એન્ડ કોચ-૯ એમએમ રાયફલનવું કોમ્પેક્ટ વર્ઝન હોય છે. આ રાયફલની હેરફેર કરવામાં સરળતા રહે તે માટે રાયફલની સાથે એક કેસ આવે છે. જેમાં રાયફલ તતા કારતુસને ગોઠવી શકાય છે. એનએસજી તથા એસપીજી કમાન્ડો વીવીઆઈપીની સુરક્ષા માટે આ ગન વપરાય છે.

● **વારાણસીને સાંસ્કૃતિક પરંપરાના હબ તરીકે વિકસાવાશે**

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સંસદ ક્ષેત્ર વારાણસીના વિકાસની પ્રક્રિયાનો પ્રારંભ કરી દેવાયો છે. મોદીના આદેશ અનુસાર વારાણસીને સાંસ્કૃતિક અને



પરંપરાના રાષ્ટ્રીય હબ તરીકે વિકસાવવાનો પ્રારંભ કરી દેવાયો છે. વારાણસીમાં અને તેની આસપાસ ટુરિઝમ માટેના સ્થળો શોધવા અગ્રણી પ્રોફેશનલ્સ અને કન્સલ્ટન્ટ ઉપરાંત ગુગલ પણ આ પ્રોજેક્ટમાં જોડાયું છે. ૨૦ ઓગસ્ટે આ કાશી વિઝનના ધમાકેદાર લોન્ચીંગની શક્યતા છે.

● **ફાલ્ગુની પાઠકની ફીમાં પચાસ લાખનો ઘટાડો**

આ વર્ષે ફરીથી દાંડિયા ક્વીન ફાલ્ગુની પાઠક ગોરેમાસમાં તેના ઓરિજિનલ ગ્રાઉન્ડ પર નવરાત્રિ દરમિયાન ધૂમ મચાવશે. ગયા વર્ષે ઘાટકોપરમાં બે કરોડમાં નવરાત્રી કરનારી દાંડિયા ક્વીન



ગોરેગામના પોતાના ફેવરીટ ગ્રાઉન્ડમાં પાછા ફરવા આ નોરતે દોઢ કરોડ લેશે.